૨૩૯૨-૨૪૫૭

સત્યમેવ જયતે

**પી. ભારતી,** આઈ.એ.એસ.
**સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર &**
**કમિશનર, પ્રાથમિક શિક્ષણ**

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

**નં. સમગ્ર શિક્ષા/મકમ/૨૦૨૧/**
**ગુજરાત શાળા શિક્ષણ પરિષદ**
**સ્ટેટ પ્રોજેકટ ઓફિસ, સમગ્ર શિક્ષા**
**સેકટર–૧૭, ગાંધીનગર**
**તા. ૨૦.૦૧.૨૦૨૧**
ફોન નંબરઃ (૦૭૯) ૨૩૨૪૩૧૩૩
ઈમેલ : spdssa@gmail.com

પ્રતિ

| | | |
|---|---|---|
| જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,<br>જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,<br>જિ. તમામ | જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર અને<br>જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,<br>જિલ્લા પ્રોજેકટ કચેરી, સમગ્ર શિક્ષા<br>જિલ્લો : તમામ | એડી. જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર અને<br>શાસનાધિકારીશ્રી,<br>નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,<br>જિ. અમદાવાદ, રાજકોટ, વડોદરા, સુરત |

**વિષયઃ વોટસઅપ આધારિત સાપ્તાહિક પરીક્ષા બાબત.**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, હોમલર્નિંગ અંતર્ગત દુરદર્શન કેન્દ્ર મારફત ડીડી ગીરનાર ચેનલ પરથી સમગ્ર શિક્ષા ધવારા ધોરણ–૧ થી ૫ તેમજ જીસીઈઆરટી ધ્વારા ધોરણ–૬ થી ૮ ના એપિસોડ ટેલીકાસ્ટ કરવામાં આવી રહેલ છે.

સમગ્ર શિક્ષા અને સી.સી.સી. ધ્વારા ધોરણ–૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ગુજરાત વર્ચ્યુઅલ શાળા (GVS) અંતર્ગત લાઈવ ઓનલાઈન કલાસીસ ટેલીકાસ્ટ કરવામાં આવી રહેલ છે.

વિદ્યાર્થીઓ હાલના સંજોગોમાં ડીસ્ટન્સ મોડથી શૈક્ષણિક કાર્ય કરી રહેલ હોઈ, બાળકોનું અધ્યયન નિષ્પતિ વાઈઝ લર્નિંગ લેવલ ચકાસવું ખૂબ જ જરૂરી જણાય છે.

આ માટે સમગ્ર શિક્ષા તેમજ સી.સી.સી. મારફત એક વોટસઅપ બેઈઝ સાપ્તાહીક મૂલ્યાંકન કરવાનું આયોજન નકકી કરેલ છે.

આ સાથે સામેલ યાદી પ્રમાણે ધોરણ વાઈઝ વિષય વાઈઝ વોટસઅપ બેઈઝડ સપ્તાહ કસોટી દુરદર્શન કેન્દ્ર ઉપરથી પ્રસારીત થતાં ધોરણ–૩ થી ૮ ના વિષયવસ્તુ આધારિત તેમજ ધોરણ–૯ થી ૧૨ માટે GVS ના લાઈવ કલાસીસના વિષય વસ્તુ આધારિત બહુવિકલ્પી પ્રકારની કસોટી તા.૨૩.૧.૨૦૨૧ થી પાયોગીક ધોરણે શરૂ કરવામાં આવનાર છે. તા.૨૩.૧.૨૦૨૧ ના રોજ ધોરણ–૩ ગુજરાતી, ધોરણ–૪ ગુજરાતી અને ધોરણ–૫ માં ગુજરાતી, પર્યાવરણની ૧૦ બહુવિકલ્પી પ્રશ્નો આધારિત વોટસઅપ બેઈઝડ પરીક્ષા યોજાનાર છે. તા.૩૦.૧.૨૦૨૧ થી ધોરણ–૩ થી ૧૨ ની ટેસ્ટ યોજાશે. આ માટેની માર્ગદર્શિકા આ સાથે સામેલ છે. આ અંગેનો વોટસઅપ મેસેજ તેમજ માર્ગદર્શિકા પણ આપને મોકલી આપવામાં આવશે.

આ માહિતી આપના જિલ્લાની તમામ શાળાના તમામ વિદ્યાર્થીઓ સુધી તેમની શાળા મારફત આપવા વિનંતી.

**બિડાણ : (૧) સમય પત્રક (૨) માર્ગદર્શિકા**

(પી. ભારતી)

**નકલ સવિનય રવાના જાણ સારૂ :**
– માન.સચિવશ્રી (પ્રા. અને મા. શિક્ષણ), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

**નકલ રવાના જાણ સારૂ :**

- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં.૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, જીસીઈઆરટી, સેકટર–૧૨, ગાંધીનગર
- કન્વનરશ્રી, સીસીસી, ગાંધીનગર

D:\D\Doordarshan Home Learning\Home Learning Planning.docx

## વોટસઅપ આધારિત સપ્તાહિક મૂલ્યાંકન કસોટી

## :: સમય પત્રક ::

| ધોરણ | તા.૨૩.૦૧.૨૦૨૧ | તા.૩૦.૦૧.૨૦૨૧ | તા.૦૬.૦૨.૨૦૨૧ |
|---|---|---|---|
| ૩ | ગુજરાતી | ગણિત | પર્યાવરણ |
| ૪ | ગુજરાતી | ગણિત | પર્યાવરણ |
| ૫ | ગુજરાતી<br>પર્યાવરણ | ગણિત | અંગ્રેજી<br>હિન્દી |
| ૬ | – | ગુજરાતી–ગણિત | હિન્દી–વિજ્ઞાન |
| ૭ | – | ગુજરાતી–ગણિત | હિન્દી–વિજ્ઞાન |
| ૮ | – | ગુજરાતી–ગણિત | હિન્દી–વિજ્ઞાન |
| ૯ | – | વિજ્ઞાન | ગણિત |
| ૧૦ | – | વિજ્ઞાન | ગણિત |

# વોટેસ એપ આધારિત સાપ્તાહિક પરીક્ષા
# (સ્વમૂલ્યાંકન)

---

COVID – 19 ની મહામારીમાં વિદ્યાર્થીઓને રાજ્ય કક્ષાએથી મદદરૂપ થવાના હેતુસર અનેક કાર્યક્રમ સમગ્ર શિક્ષા ગાંધીનગર દ્વારા ચલાવાવવામાં આવે છે. તે પ્રમાણે આજના ટેકનોલોજીના યુગમાં વિદ્યાર્થીઓ અનેક ડીવાઈસ ચલાવવા સમર્થ છે, ત્યારે વોટેસ એપના માધ્યમથી બાળકો પોતાના અભ્યાસમાં પોતાની પારંગતતા જાતે ચકાસી શકે અને સ્વયમ પોતે જ પોતાની પ્રેક્ટીસ દ્વારા પોતાના ક્યાં ક્ષેત્રમાં મુશ્કેલી છે અને વધુ મહાવરો ક્યા ચેપ્ટરના ક્યાં પોઈન્ટ ઉપર કરવાની જરૂર છે. તે જાણી પણ શકે છે. આ માટે વોટેસ એપ આધારિત સાપ્તાહિક પ્રેક્ટીસનું (સ્વ મૂલ્યાંકન) આયોજન કરેલ છે.

- ❖ આ માટે 8595524523 નંબર નક્કી કરવામાં આવેલ છે.
- ❖ આ નંબર સેવ કરી વિદ્યાર્થી ફક્ત HELLO લખશે તો તેમને Quick REPLAY મળશે.
- ❖ આમ સમગ્ર પ્રક્રિયામાં Quick REPLAY એ તેમની આગવી ખાસયિત છે.
- ❖ વિદ્યાર્થી ફક્ત HELLO લખશે તો તેમને Quick REPLAY મળશે. જેમાં લખાયેલ હશે HOME LEARNING કાર્યક્રમમા જોડવા બદલ આભાર હવે અભ્યાસ અટકશે નહિ. કૃપા કરી શાળાનો યુ ડાયસ કોડ લખીને મોકલો.
- ❖ વિદ્યાર્થી જેવો શાળાનો યુ ડાયસ કોડ લખીને મોકલાશે તરત શાળાની વિગતો મોકલવામાં આવશે.
- ❖ જેમાં શાળાનું નામ, ડાયસ કોડ, તાલુકો, જિલ્લો અને તે સાથે હા માટે 1 રીપ્લાય ટાઈપ કરી મોકલવા જણાવશે. અને જો ખોટી વિગત હોય તો 2 રીપ્લાય ટાઈપ કરી મોકલવા જણાવશે.
- ❖ જેવો વિદ્યાર્થી 1 રીપ્લાય ટાઈપ કરી મોકલાશે તરત તેમને ધોરણ પસંદ કરવા જણાવશે. જેમાં વિદ્યાર્થીએ પોતાનું ધોરણ જણાવવું પડશે.
- ❖ જેવો વિદ્યાર્થી પોતાનું ધોરણ જણાવશે તરત વિદ્યાર્થીનું પહેલું નામ શું છે ? તે પૂછશે ફક્ત અંગ્રેજી મૂળાક્ષરમાં અને ચાઇલ્ડ ટ્રેકિંગ (આધાર એનેબલ ડાયસ મુજબ) જ વિગતો આપવાની રહેશે.
- ❖ જેવો વિદ્યાર્થી પોતાનું પહેલું નામ Pratish રીપ્લાય ટાઈપ કરી મોકલાશે તરત તે શાળામાં અને તે વર્ગમાં જેટલા Pratish નામના વિદ્યાર્થીઓ હશે તેટલા વિદ્યાર્થીના નામ પિતાનું નામ અને જન્મ તારીખ અનુક્રમે દર્શાવશે. તે પૈકી પોતાના નામ માટેનો ક્રમ તેને સુનિશ્ચિત કરવાનો રહેશે.
- ❖ વિદ્યાર્થી દ્વારા ખાતરી કર્યા બાદ નામ માટેનો ક્રમ સુનિશ્ચિત કર્યો હોય તે તેમણે રીપ્લાયમાં લખી મોકલવાનો રહેશે.

- ત્યારે તેમને મેસેજ મળશે કે તમારી નોંધણી થઇ ગઈ છે. હવેથી તમે દર સપ્તાહે અહી રમતા - રમતા પ્રેક્ટીસ કરી શકશો. અને શિક્ષકો તમને વધુ સારી રીતે સહકાર આપી શકશે.
- આ નોંધણીમાં જો આપ એક જ ઘરના એક કરતા વધારે વિદ્યાર્થીઓ હશો તો તેઓ જોડાઈ શકશે. અને અન્ય મિત્રોની પણ નોંધણી કરી શકશે. મતલબ આ મલ્ટી યુજર છે. માત્ર એક યુજર નથી.
- ત્યાર બાદ ચાલુ સપ્તાહ પહેલા છેલ્લા સપ્તાહે લેવાયેલ વિષયની પ્રેક્ટીસ માટે કહેવામાં આવશે. આ વિષય અત્રેથી એટલે કે રાજ્ય કક્ષાએથી નક્કી કરવામાં આવે છે. એટલે જે તે સપ્તાહમાં તે જ વિષયની પ્રેક્ટીસ વિદ્યાર્થી કરી શકશે.
- અને પ્રશ્ન પૂછશે કે આપ પ્રેક્ટીસ કરવા માગો છો ? હા માટે 1 રીપ્લાય અને નાં માટે 2 રીપ્લાય આપવાનો રહેશે.
- જેવો વિદ્યાર્થી 1 રીપ્લાય ટાઈપ કરી મોકલાશે તરત શુભેચ્છા સંદેશ સાથે તે વિષયના 10 પ્રશ્નો પૈકી પ્રથમ પ્રશ્ન સ્ક્રીન ઉપર દેખાશે. અને જવાબના ચાર વિકલ્પ પણ દેખાશે.
- જેવો વિદ્યાર્થી જવાબ માટેનો અંક ટાઈપ કરી મોકલાશે તરત બીજો પ્રશ્ન સ્ક્રીન ઉપર દેખાશે. અને જવાબના ચાર વિકલ્પ પણ દેખાશે. આમ દર વખતે વિદ્યાર્થી જવાબ માટેનો અંક ટાઈપ કરી મોકલાશે તરત પછીનો પ્રશ્ન આવતો જશે આમ 10 પ્રશ્ન સુધી આવશે.
- જયારે 10 પ્રશ્નના જવાબ અપાઈ જશે તરત વિદ્યાર્થીના કેટલા જવાબ સાચા છે. તે દર્શાવવામાં આવશે એ સાથે સાચા જવાબની (answer key) એક PDF ફાઈલ પણ મોકલવામાં આવશે. તેમજ જે મુદ્દાઓમાં વિદ્યાર્થીની કચાશ જણાઈ હશે, તે માટે GVS ની લીંક મોકલવામાં આવશે. અને તે અંગેના વિડીઓ ત્યાં ઉપલબ્ધ હશે.

આમ, વોટેસ એપ આધારિત સાપ્તાહિક પરીક્ષા (સ્વ મૂલ્યાંકન) અંતર્ગત ધોરણ 3 થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓનું રીયલ ટાઇમ એસેસમેન્ટ થશે.